### રૂા. ૧.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

# ભરૂચમાં જુગાર રમતા સાત ઈસમો ઝડપાયા

**ભરૂચ**

ભરૂચ નગરના ભિડભંજન ખાડી વિસ્તાર માંથી જુગાર રમતા સાત ઈસમો ઝડપાયા હતા જેમની પાસેથી રોકડ રકમ મળી કુલ રૂા. ૧.૧૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.

ભરૂચના ઈ. ચા .પોલીસ ઈન્સપેક્ટર એસ.ડી.ફુલતરીયા દ્વારા ટીમો બનાવી હતી. આ ટીમોને સંયુક્ત બાતમી મળેલ હતી કે ભીડભંજન ખાડીમાં કેટલાક ઈસમો જુગાર રમે છે. જે આધારે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરી સાત જુગારીયાઓને રૂા. ૧,૧૦,૦૬૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી ગુનો નોંધવામાં આવ્યો છે. પકડાયેલ આરોપીઓ રાજેશ નગીનભાઈ વસાવા, રાહુલ મહેશભાઈ વસાવા, જીગ્નેશ મનુભાઈ ખુમાણ, કરણ ચતુરભાઈ ઠાકોર, હાતીમ ઐયુબભાઈ નમકવાલા, શાંતીભાઈ ભટુભાઈ વસાવા અને દિપક જેસીગભાઈ સામે પોલીસે કાર્યવાહી કરી છે.

**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### મહિલાએ અભયમને ફોન કરતાં મદદ મળી

# તું પેલાને જોવા બેઠી છે કહી પતિએ પત્નીને માર માર્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકા નજીક વિસ્તારમાં રહેતી એક મહિલા ભરૂચ અભયમને ફોન કરીને જણાવ્યું કે તેમનો પતિ શંકા કરી મારઝૂડ કરે છે. ત્યારબાદ અભયંની ટીમે મહિલા પાસે પહોંચી પૂછપરછ કરતાં મહિલાએ જણાવ્યું કે તેમનું એક વર્ષ પહેલા ગામના વ્યક્તિ સાથે સંબંધ હતા. તેની પતિને જાણ થતાં પંચ બોલાવી સમાધાન કરાવ્યું હતું. ત્યારબાદ તે મહિલાનું બીજા વ્યક્તિ સાથે સંબંધ નહીં હોવા છતાં પતિ દ્વારા શંકા કરે છે.

ગત રોજ મે ઘરની બહાર બેઠી હતી ત્યારે ગામનો વ્યક્તિ ત્યાંથી પસાર થતો હોન વગાડયો જેથી પતિ ઘરની બહાર આવીને મને કહ્યું કે તું પેલાને જોવા માટે જ બહાર બેઠી છે, કહીને મારઝૂડ કરે છે. જેથી અભયમની ટીમ દ્વારા કાયદાકીય માહિતી આપી જેથી પતિએ ફરી આવું નહીં કરવાની બાંહેધરી આપી છે.

**DATE: 03/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ધંતુરીયાનો ફરાર થયેલો બૂટલેગર ઝડપાઈ ગયો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

લિસ્ટેડ બુટલેગરો તેમજ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે ટીમ બનાવી હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સ શરુ કર્યું હતું. દરમિયાન અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસના ચોપડે વોન્ટેડ આરોપીને ઝડપી લેવાયો છે. ધંતુરીયાનો વિરલ ગોમાન વસાવા તેના નિશાળ ફળીયાના નિવાસસ્થાન ખાતે આવ્યો હોવાની માહિતી એલસીબીને મળતાં તેને ઝડપી લેવાયો હતો.

**DATE: 04/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### યુવતીના માતા-પિતા લગ્ન માટે તૈયાર થતાં નહિ હોવાથી હતાશામાં ગરકાવ

# સુરતના યુવાનનો પ્રેમ ભંગ થતાં નર્મદામાં કૂદવા આવ્યો પણ પોલીસે બચાવી લીધો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

સુરત ખાતે રહેતાં એક યુવાનને એક યુવતિ સાથે ત્રણ વર્ષથી પ્રેમ સંબંધ હતાં. દરમિયાનમાં યુવતિના પરિવારજનોએ લગ્ન માટે ના પાડતાં યુવાનને લાગી આવતાં તેણે ભરૂચના નર્મદા મૈયા બ્રીજ પરથી નદીમાં કુદી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે તેને પહેલાં જ પકડી લઈ તેનું કાઉન્સિલીંગ કરી તેના પરિવારજનોને સોંપ્યો હતો.

સુરતના પર્વત પાટિયા વિસ્તારમાં રહેતાં એક 26 વર્ષના યુવાનને ત્રણેક વર્ષથી એક યુવતિ સાથે પ્રેમસંબંધ હતો. બન્ને પ્રેમીયુગલે એકબીજા સાથે જીવન જીવવાના કોલ લીધાં હતાં. જોકે, યુવતિના પરિવારજનોને તેમના સંબંધની જાણ થતાં તેમણે યુવાન સાથે તેમની પુત્રીના લગ્ન કરવાની ના પાડી હતી. જેના પગલે યુવાને પોતાના જીવનનો અંત આણવાનું



નક્કી કરી તે મોપેડ લઈને સુરતથી ભરૂચ નર્મદા નદીમાં કૂદી આપઘાત કરવાના ઈરાદે નિકળી ગયો હતો. બીજી તરફ ભરૂચ કન્ટ્રોલ રૂમ તરફથી સી ડિવિઝન પોલીસને ઘટનાથી વાકેફ કરતાં ટીમે તુરંત નર્મદા મૈયા બ્રીજ પર પહોંચી જઈ યુવાનને બચાવી લીધો હતો. પોલીસે તેનું કાઉન્સિલીંગ કરી તેને તેના પરિવારજનોને સોંપ્યો હતો.

**DATE: 04/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ચોરીમાં ગયેલાં કલરના ડબ્બા હાલમાં રિકવર કરવામાં આવ્યાં

# જીતાલી ગામે ગોડાઉનમાંથી કલર અને વેલ્ડિંગ મશીન ચોરી જનારા 3 ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના જીતાલી ગામના સુદામા એસેટમાંગોડાઉનમાંથી 1.18 લાખની ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી નાખી પોલીસે 3 તસ્કરોની ધરપકડ કરી છે. તેમની પાસેથી કલરના 7 ડબ્બા મળી આવ્યાં છે પણ વેલ્ડિંગ મશીન મળ્યાં ન હોવાથી તેમના રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. સુદામા એસેટમાં ગોડાઉનને ગત 27 થી 30 મે 2024 દરમિયાન તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. ગોડાઉનની અંદર ના રૂમ નું તાળું તોડી અંદર રહેલા20 લિટર વાળીકલરના ડબ્બા તેમજ 3 વેલ્ડિંગ મશીન મળી 1.18 લાખના મુદ્દામાલની ચોરી કરીને ફરાર થઇ ગયાં હતાં. પોલીસે સ્થળ તપાસ કરી આજુબાજુ ના સીસીટીવી તપાસ કર્યા હતા. ચોરીમાં રીઢા ચોર વિનોદ ઉર્ફે દિલ્લીતડકેશ્વર ઠાકુર(રહે જીતાલી)ની સંડોવણી હોવાનું સામે આવતા પોલીસે તેની અટક કરી પૂછપરછ કરતાં તેણે અન્ય સાગરિતોના નામ ખોલ્યાં હતાં.

જેથી પોલીસે ગામના જ ગફાર ખાન પઠાણ તેમજ વહિદખાનની પણ ધરપકડ કરી લેવામાં આવી હતી. આરોપીઓ પાસેથી હાલ કલરના 7 ડબ્બા કબજે લેવાયાં છે જયારે વેલ્ડિંગ મશીન કયાં ગયા તેની તપાસ હાથ ધરવામાં આવી છે અન્ય મુદ્દામાલ રિકવર કરવા માટે પોલીસે રિમાન્ડની તજવીજ શરુ કરી હતી.

**DATE: 04/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બે સ્થળેથી 12 ખેલીઓ ઝડપી લેવાયાં

# અંકલેશ્વરમાં જુગારના અડ્ડા પર દરોડામાં દારૂની બે બોટલ મળી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના રોશન પાર્ક માં 4 નંબરના મકાનમાં દરોડા પાડ્યા હતા. જ્યાંજુગાર રમતા મકાન માલિક મહેંદી મંસૂર અલીવિરાની, ટાંકીવાલામહમદ રફીક, ઈમ્તિયાઝ શેખ, સુભાષ પટેલ, મોહમ્મદ શેખ , ગુલામ મુલ્લા , ગુલામ શેખ અને યાસીન શેખને ઝડપી પાડયા હતાં. તેમની પાસેથી 21 હજાર રોકડા સહિત કુલ 52 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. મકાનની તલાશી લેતાં પોલીસને દારુની બે બોટલ મળી આવતાં પ્રોહિબિશનનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જુગાર રમવા આવતાં ખેલીઓ દારૂની મહેફિલ પણ માણતા હોવાનો ઘટસ્ફોટ થયો છે.

બીજા દરોડામાં નોબરીયા સ્કૂલ કમ્પાઉન્ડ માં જુગાર રમતા કુખ્યાત બુટલેગર ઈમરાન દિવાન , સોકક્તપઠાણ, જાકીર શેખ અને સોનુ રાઠોડને પણ જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. રોકડ રૂપિયા 42 હજાર મળી કુલ 57 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 04/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### ભરૂચ એલસીબીનો પેટ્રોલિંગ દરમિયાન સપાટો

# ગુમાનદેવથી શંકાસ્પદ કેમિકલના જથ્થા સાથે બે આરોપીની ધરપકડ

## બેરલોમાં પીળા કલરનું વાસવાળું ૧૬૦૦ લિટર કેમિકલ મળ્યું

। ઝઘડિયા ।

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા પોલીસ મથક વિસ્તારના ગુમાનદેવ ફાટક ત્રણ રસ્તા ખાતેથી બોલેરો પીક અપમાં બેરલમાં ભરેલા શંકાસ્પદ કેમિકલના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી લીધા હતા.

મળતી માહિતી અનુસાર ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.પી.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એમ. રાઠોડ ટીમ સાથે ગઈકાલે ઝઘડિયા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન બાતમી મળેલી કે અંક્લેશ્વર જીઆઈ ડીસીમાંથી એક બોલેરો ગાડી શંકાસ્પદ કેમિકલ વેસ્ટ ભરીને ઝઘડિયા તરફ આવનાર છે.

એલસીબીની ટીમે મળેલી બાતમી મુજબ ગુમાનદેવ ફાટક ત્રણ રસ્તા ખાતે વોચ ગોઠવી હતી, દરમિયાન બાતમીવાળી બોલેરો પીક ગાડી આવતા તેને રોકીને તપાસ તેમાં ૮ બેરલ ભરેલાં હોવાનું જણાયું હતુ. આ બેરલોમાં પીળા કલરનું વાસવાળુ ૧૬૦૦ લીટર જેટલું શંકાસ્પદ કેમિકલ કિંમત રૂા.૧૬૦૦ મળી કુલ રૂા. ૫.૦૧ લાખના મુદ્દામાલ સાથે બે ઈસમો રાજેન્દ્ર અંબાલાલ પટેલ હાલ રહે. અંક્લેશ્વર તેમજ વિશાલ ભરતભાઈ પટેલ હાલ રહે. અંક્લેશ્વરને ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.



ગુમાનદેવ ફાટક ત્રણ રસ્તા ખાતેથી શંકાસ્પદ કેમિકલ સાથે બે ઝડપાયા હતા.

**DATE: 04/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

અંકલેશ્વર જીઆઈડીસીના

# પાનસો વિસ્તારમાંથી ગુમ થયેલો બાળક ભરૂચથી મળી આવ્યો

અંકલેશ્વર, તા. ૩

**અંકલેશ્વર જી.આઈ.ડી.સીના પાનસો ક્વાટર્સ વિસ્તારમાંથી ગત તા. ૩૧ મે ના રોજ ગુમ થયેલ બાળકને એલસીબી પોલીસે ભરૂચ ખાતેથી શોધી કાઢ્યો હતો અને તેના પરિવારને સુપ્રત કર્યો હતો.**

## બાળકનું પરિવારજનો સાથે મિલન કરાવાયું

ગત તા.૩૧મી મેના રોજ સાંજના સમયે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલ પાનસો ક્વાટર્સ ખાતે રહેતા ભારતીબેન ગિરીશ વણકરનો ૮ વર્ષનો દીકરો કાર્તિક વણકર ઘરના નજીક ગ્રાઉન્ડમાં રમવા ગયો હતો, જ્યાંથી પરત નહીં ફરતા પરિવારજનોએ તેની ભારે શોધખોળ કરતા તે મળી નહીં આવતા પરિવારે અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકે બાળક ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન ભરૂચ એલસીબીએ ગુમ થયેલ બાળકને ભરૂચના હવેલી ચોક પાસેથી શોધી કાઢી પોલીસે પરિવારને જાણ કરી હતી અને પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યુ હતુ.

**DATE: 05/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ત્રણેય યુવાનો જંબુસરના રહેવાસી

# સુરતથી આવેલાં 3 યુવાનો પાસેથી 16 મોબાઈલ મળ્યાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબી ટીમે ભરૂચના શિતલ સર્કલ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની રીક્ષા આવતાં ટીમે રીક્ષા રોકી તેમાં સવાર ત્રણ શખ્સોની પુછપરછ કરતાં તેઓના નામ શાહરૂખ ઐયુબ મલેક, સિદ્દીક ઈકબાલ ગોરી તેમજ અજહર કાદર મલેક ( ત્રણેય રહે. જંબુસર) હોવાનું માલુમ પડ્યું હતું. તેઓ ક્યાંથી આવ્યાં તે સહિતની વિગતો પુછતાં તેઓ ગલ્લા તલ્લા કરવા લાગ્યાં હતાં. ટીમે તેમની તલાશી લેતાં તેમની પાસે અલગ અલગ કંપનીના 16 મોબાઈલ મળી આવ્યાં હતાં. તેમની પાસે મોબાઈલના કોઈ આધારપુરાવા ન મળતાં 1.02 લાખની મત્તાના મોબાઈલ તેમજ રિક્ષા મળી કુલ 1.52 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 06/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આમોદ પાસે પોલીસની વોચ, ક્રૂરતાપૂર્વક ભેંસો બાંધી હતી

# અમરેલીથી ભરૂચ તરફ પશુઓ ભરી આવતી 2 ટ્રક પોલીસે ઝડપી પાડી

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

આમોદ પોલીસ ગત રાત્રીના સમયે મતગણતરીને લઈને તકેદારીના ભાગરૂપે પેટ્રોલિંગમાં હતી. તે વેળાં કન્ટ્રોલમાંથી તેમને મેસેજ મળ્યો હતો કે, બે ટ્રક્માં ગૌવશ ભરીને બોરસદથી ભરૂચ તરફ જઈ રહી છે .અને હાલમાં આમોદ ચોકડી પાસે પહોંચવાની છે. જેના પગલે ટીમે સમા ચોકડી પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં કન્ટ્રોલરૂમમાંથી મળેલાં મેસેજમાંના વર્ણન મુજબની બે ટ્રક આવતાં ટીમે તેમને રોકી તલાશી લેતાં તે બન્નેમાં પશુઓ (ભેંસ) ભરેલી હોવાનું માલુમ પડ્યું હતું. એક ટ્રક્માં 9 જ્યારે બીજી ટ્રક્માં 10 ભેંસને ક્રૂરતાપુર્વક બાંધેલી હોવાનું તેમજ તેમના માટે ઘાસચારો કે પાણીની વ્યવસ્થા કરેલી ન હોવાનું જણાયું હતું. જેના પગલે ટીમે તેમની પુછપરછ કરતાં એક ટ્રક્ના ડ્રાઈવરના નામ અનવર ઉર્ફે અનિષ સત્તાર તેલી ( રહે. અમરેલી) તેમજ બીજી ટ્રક્ના ડ્રાઈવર - ક્લિનરનું નમ ઈદ્રિશ હબીબ કુરેશી તેમજ ફારૂખ દાઉદ મુસાણી ( બન્ને રહે. ગઢડા, બોટાદ) હોવાનું માલુમ પડ્યું હતું. પ્રાથમિક પુછપરછમાં તેમણેં જણાવ્યું હતું કે, તેઓ પૈકી એકએ અમરેલીથી પશુઓ ભરી જ્યારે બીજાએ સ્વામીના ગઢડાથી પશુઓ ભરીને ભરૂચ આવવા માટે નિકળ્યાં હોવાની કબુલાત કરી હતી.પોલીસે તેમની સામે પશુક્રૂરતા સબબનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 06/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### યોગી એક્સટેન્શનની સાઇટ પર ચોરી કરી હતી

# ભરૂચમાં લોખંડની 40 પ્લેટ ચોરનાર 2 ગઠિયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં આવેલાં યોગી એક્સટેન્શનની કન્સ્ટ્રક્શન સાઇટ પરથી ગત 2 જૂનની રાત્રીએ તસ્કરોએ 1 હજાર રૂપિયાની એક એવી 40 પ્લેટોની ચોરી કરી ગયાં હતાં. જે અંગે ભરૂચ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાતાં પીઆઇ વી. યુ. ગડરિયાએ ચોરીનો ભેદ ઉકેલવા માટે ટીમને તાકીદ કરી હતી. દરમિયાનમાં કોન્સ્ટેબલ ધવલસિંહ તેમજ કોન્સ્ટેબલ તકદિરસિહને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે, ચોરીને અંજામ આપનાર ટોળકીના બે સાગરિતો દહેજ બાયપાસ પાસે આવેલાં શિલ્પી સ્કવેર પાસે બીજી ચોરીને અંજામ આપવાની પેરવીમાં ફરી રહ્યાં છે. જેના પગલે ટીમે સ્થળ પર પહોંચી બન્નેને ઝડપી પાડતાં તેમના નામ સહેજાદ દાઉદ રાજ (રહે. મદીના પાર્ક) તેમજ મહંમદ ઈસ્લામ મહંમદ હનીફ રાણા (રહે. સફારી પાર્ક) હોવાનું માલુમ પડ્યું હતું.પ્રાથમિક પુછપરમાં તેમણે ચોરીની કબુલાત કરવા સાથે ચોરીની પ્લેટો જે જગ્યાએ સંતાડી હતી ટીમને લઇ જતાં પોલીસે તેમની પાસેથી 40 પ્લેટો તેમજ બે મોબાઇલ મળી કુલ 55 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 06/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-01**

### શહેરમાં મોબાઈલ ચોરીના બનાવો દિન-પ્રતિદિન વધી ગયા

# ભરૂચના શિતલ સર્કલ પાસે રિક્ષામાં જતા ૩ મોબાઈલ ફોન ચોરો ઝડપાયા

## ૧૬ મોબાઈલ, રિક્ષા સહિત રૂા.૧.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત

। ભરૂચ ।

ભરૂચ નગર અને જિલ્લામાં મોબાઈલ ચોરીના બનાવો દિન-પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે મોબાઈલ ચોરી અંગે ભરૂચ જિલ્લા પોલીસ સતત સક્રિય રહી મોબાઈલ ચોરોને ઝડપી લેવા માટે વિવિધ પ્રયાસ કરતી હતી. તેવામાં ભરૂચ શિતલ સર્કલ પાસે સુરત તરફથી આવતી રીક્ષામાંથી ૧૬ મોબાઈલ ફોન ઝડપાયા હતા. જેની કિંમત રૂા.૧.૦૨ લાખ જેટલી થાય છે. આ મોબાઈલ ફોન અંગે એલસીબી પોલીસે ત્રણ ઈસમોની ધરપકડ કરી છે.

ભરૂચ એલસીબીના પીએસઆઈ ડી.એ.તુવરની ટીમ ભરૂચ શહેર સી.ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સમાવેશ વિસ્તારોમાં પેટ્રોલીંગ કરતી હતી. તે દરમીયાન બાતમી મળી હતી કે, સુરત તરફથી આવતી એક રીક્ષામાં શંકાસ્પદ મોબાઈલ ફોન લઈ ત્રણ વ્યકિતઓ આવી રહ્યા છે.

બાતમીના આધારે પોલીસે આડશો ગોઠવતા બાતમી મુજબની રીક્ષા આવતા તેને અટકાવી તપાસ કરતા ત્રણ ઈસમો અલગ અલગ કંપનીના ૧૬ મોબાઈલ સાથે ઝડપાયા હતા. જેમને બીલો રજૂ કરવા જણાવતા સંતોષકારક જવાબ આપી શકયા ન હતા. તેથી તેઓ શંકાસ્પદ જણાતા મોબાઈલ કિંમત રૂા.૧.૦૨ લાખ તથા રીક્ષા મળી કુલ ૧.૫૨ લાખનો મુદ્દામાલ પોલીસે જપ્તં કરી ત્રણ આરોપીઓને સી.ડીવીઝન પોલીસને સોંપવામાં આવ્યા હતા. ઝડપાયેલ ત્રણ આરોપીઓમાં શાહરૂખ ઐયુબ મલેક તેમજ સીદ્દીક ઈકબાલ ગોરી, બંન્ને જંબુસર તેમજ અઝહર કાદર મલેક, રહે. જંબુસરની અટક કરવામાં આવી હતી.

**DATE: 07/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# જુના દીવા ગામે જુગાર રમતા 3 ઈસમો ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

જુના દીવા ગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે ડેરી ફળીયામાં કેટલાક ઈસમો વીજ થાંભલા નીચે જાહેર માં જુગાર રમી રહ્યા છે.પોલીસ ટીમે દરોડા પાડતા સ્થળ પર જુગાર રમતા પરેશ રમણ વસાવા, સુનિલ વસાવા અને જિજ્ઞેશ મહેશ પટેલ ઝડપાઈ ગયાં હતાં પોલીસે 3,590 રૂપિયા મળી કુલ 4540 રૂપિયા તેમજ ત્રણ બાઈક મળી કુલ 1.09 લાખ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 08/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### જહાંગીર પાર્કની દુકાનમાં પોલીસના દરોડામાં સંતાડેલા બોક્સ મળ્યાં

# પાલેજના પ્રોવિઝન સ્ટોરમાં નશાના સામાનનું વેચાણ, કફ સિરપની 150 બોટલ સાથે 2ની અટક

## બોટલો આપનારો મેડિકલ સ્ટોરનો મૂળ સુરતનો રહેવાસી સંચાલક પણ સકંજામાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

પાલેજ પોલીસ સ્ટેશનના પીઆઇ શિલ્પા દેસાઇને પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં હેકો મહેશ દોલતસંગે જણાવ્યું હતું કે. પાલેજના જહાંગીર પાર્કમાં રહેતો રિઝવાન મુબારક પટેલ તેના ઘરેથી નશાકારક કફ સિરપનું વેચાણ કરે છે. જેના પગલે તેમણે ટીમ સાથે તેમના ઘરે દરોડો પાડ્યો હતો. ઘરમાં રિઝવાન હાજર હોઇ પોલીસે તેની અટકાયત કરી તેના ઘર-દુકાનમાં તપાસ શરૂ કરી હતી. દરમિયાનમાં તેની પાન-મસાલા તેમજ અનાજ કરિયાણાની દુકાનમાં કાઉન્ટરની નીએ એક બોક્ષમાં કફ સિરપની 30 બોટલો મળી આવી હતી. જેનું સ્ટીકર જોતાં તેના પર કોડીકામ-ટી નામ લખેલું જણાયું હતું. જે બાદ ટીમે તેના ઘરમાં તપાસ કરતાં બેઠરૂમમાં દરવાજા પાસે 120 બોટલ ભરેલું વધુ એક બોક્ષ મળી આવ્યું હતું. જે બાદ ઉપરના માળે જઇ તપાસ કરતાં પલંગ નીચે એક ગાદલાની પાછળ સંતાડેલાં વધુ 3 બોક્ષ મળી આવ્યાં હતાં. પોલીસે તેના ઘર-દુકાનમાંથી કુલ 76 હજારની મત્તાની 510 બોટલો જપ્ત કરી હતી. જેના પગલે ટીમે તેની ઉલટ તપાસ કરતાં તેણે જણાવ્યું હતું કે. તેણે જણાવ્યું હતું કે. પાલેજ ગામ પાસે પોલીસ લાઇન સામે આવેલાં ડિવાઇન મેડિકલ સ્ટોર ચલાવતાં ભાવેશ મથુર ખિચડિયા (રહે. કતારગામ, સુરત) પાસેથી લાવતો હતો. જેના પગલે ટીમે તેને પણ ઝડપી પાડી બન્ને વિરૂદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




### 700થી 800 બોટલ વહેંચી હોવાની કેફિયત

ભાવેશ ખિચડિયાએ જણાવ્યું હતું કે, તેણે ત્રણેક વર્ષથી દુકાન શરૂ કરી છે. રિઝવાન તેની દુકાનની સામે પહેલાં લારી લઇને વેપાર કરતો હતો. રિઝવાને તેને કફ સિરપનો વેપલો કરવાનું જણાવ્યું હતું. તેણે છેલ્લાં ત્રણ-ચાર મહિનામાં 700થી 800 બોટલો રિઝવાનને આપી હતી.

### એફએસએલના રિપોર્ટ બાદ ફરિયાદ નોંધાઇ

ટીમે ગત 30મી મેના રોજ રિઝવાનના ઘરે તેમજ દુકાનમાં દરોડો પાડી કફ સિરપનો જથ્થો જપ્ત કર્યો હતો. જે અંગે પોલીસે સ્ટેશન ડાયરી નોંધ કરી મામલામાં મુદ્દામાલના સેમ્પલ ચકાસણી માટે એફએસએલ ખાતે મોકલ્યાં હતાં. જેનો રિપોર્ટ આવ્યાં બાદ પાલેજ પોલીસે બન્ને વિરૂદ્ધ કાર્યવાહી કરી છે.

### મેડિકલમાંથી ₹ 90માં બોટલ લાવી 120માં વેચતો હતો

પોલીસની પ્રાથમિક પુછપરછમાં ઝડપાયેલા આરોપીઓએ જણાવ્યું હતું કે, ભાવેશ ખિચડિયા તેનું મેડિકલ સ્ટોર હોઇ જે તે કંપનીમાંથી કોડીકામ-'ટી નામની કફ સિરપની બોટલો મંગાવતો હતો. જે તે રિઝવાનને 90 રૂપિયા પ્રતિ બોટલના ભાવે આપતો હતો. જ્યારે તે જ બોટલ રિઝવાન નશેડીયાઓને 120 રૂપિયે આપતો હતો.

**DATE: 08/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

## લોકસભાની સામાન્ય ચૂંટણીના ગાળામાં રાજ્ય-આંતરરાજ્યના 11 આરોપીઓને પકડ્યાં

# ભરૂચના 9 સહિત 10 પોલીસકર્મીને રેન્જ આઇજીએ સન્માનિત કર્યાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણી ન્યાયીક અને મુક્ત વાતાવરણમાં યોજાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી સામાન્ય બની રહે અને ચૂંટણીની પ્રક્રિયા વેળાં વિપરીત અસરો ન પહોંચાડે તે માટે નાસતા ફરતાં આરોપીઓને ઝડપી પાડવા માટે ખાસ ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. જેના ભાગરૂપે વડોદરા રેન્જમાં 10 વર્ષથી વધુ સમયથી નાસતા ફરતાં આરોપીને શોધવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં વડોદરા રેન્જના પોલીસકર્મીઓએ મધ્યપ્રદેશ રાજ્યના 3, ઉત્તર પ્રદેશ રાજ્યના 3, મહારાષ્ટ્રના 2, હરિયાણાના 1 તેમજ સુરતના 1 અને છોટાઉદેપૂરનો એક મળી કુલ 11 આરોપીઓને ઝડપી પાડવાની ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ભરૂચ જિલ્લાના 9 તેમજ વડોદરા ગ્રામ્યના એક પોલીસ કર્મી સહિત કુલ 1 પોલીસ જવાનોને વડોદરા રેન્જ આઇજી સંદિપસિંહના હસ્તે પ્રસંશાપત્ર એનાયત કરી સન્માનિત કરાયાં હતાં.



**DATE: 08/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ચાંચવેલ ગામે 4 શખ્સોના ઘરેથી ગૌમાંસ મળ્યું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા પોલીસ મથકના પીએસઆઈ અનિતાબા જાડેજાને ચોક્કસ બાતમી મળી હતી કે, ચાંચવેલ ગામે રહેતાં રિયાઝ ઉર્ફે ડેનિયલ ઈસ્માઈલ પટેલ, મુનાફ ઉર્ફે તલાટી વલી પટેલ, શકીલ સુલેમાન પટેલ તેમજ ઈમરાન ગફુર પટેલે તેમના ઘરે ગૌમાંસનો જથ્થો રાખ્યો છે. જેના પગલે તેમણે ટીમ બનાવી તેમના ઘરે દરોડો પાડ્યો હતો. રિયાઝ ઉર્ફે ડેનિયલના ઘરે ઉપરના માળે આવેલાં રસોડાની અંદરના ભાગે ડીપ ફ્રિઝમાં તપાસ કરતાં તેમાંથી 17 કિલો ગૌમાંસ મળ્યું હતું. તે જ રીતે મુનાફ ઉર્ફે તલાટીના ઘરે રસોડામાંના ડીપ ફ્રિઝમાંથી એક કિલો, શકિલ પટેલના ઘરેથી ફ્રિજના ફ્રોઝરમાંથી 3.50 કિલો તેમજ ઈમરાન પટેલના ઘરેથી 3.50 કિલો ગૌમાંસનો જથ્થો જપ્ત કર્યો હતો.

**DATE: 08/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

## 10 કિલોથી વધારે ગાંજો મળવાનું પ્રકરણ

# અંકલેશ્વર ગાંજાના કેસમાં ફરાર આરોપી 6 મહિના બાદ ઝડપાયો

ભાસ્કરન્યૂઝ|અંકલેશ્વર

અંકલેશ્વરમાં એસ.ઓ.જી ની ટીમ ગાંજાના વેપલામાં સંડોવાયેલ ફરાર આરોપીને ઝડપી પાડ્યો હતો. 31 જાન્યુઆરીના રોજ સારંગપુર ગામના મંગલ દીપ સોસાયટી માંથી 10.003 કિલો ગાંજો મળી કુલ 6.10 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પી.આઈ એ.એ.ચૌધરી અને એમ.વી.તડવી સહિત સ્ટાફ પેટ્રોલીંગમાં અંકલેશ્વર વિસ્તારમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે સારંગપુર ગામના મંગલદીપ સોસાયટીની બાજુમાં ખુલ્લી જગ્યામાંથી 10.003 કિલો ગાંજો મળવાના કેસમાં ફરાર આરોપી ગડખોલ બ્રિજ પાસે ઉભેલો છે. પોલીસે દરોડો પાડી આરોપી દિપક હૃદય નારાયણ મંડલને ઝડપી પાડી બી ડિવિઝન પોલીસ હવાલે કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 08/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વરમાંથી ટ્રાન્સપોર્ટના પાર્કિંગમાંથી શંકાસ્પદ કેમિકલનો જથ્થો ભરેલું ટેન્કર ઝડપાયું

અંકલેશ્વર તા. ૭

અંક્લેશ્વર જી.આઈ.ડી.સી.વિસ્તારમાં આવેલ બનાસ બલ્ક કેરીયર ટ્રાન્સપોર્ટના પાર્કિંગમાંથી શંકાસ્પદ કેમિકલનો જથ્થો ભરેલ ટેન્કર સાથે ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે એક ઈસમને ઝડપી પાડયો હતો.

## પોલીસે ટેન્કર ચાલકની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ભરૂચ એલ.સી.બી.ની ટીમ અંક્લેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી .તે સમયે બાતમીના આધારે ટેન્કરમાં કેમીકલ વેસ્ટ ભરેલો છે.હાલમાં અંક્લેશ્વર જી.આઈ.ડી.સી.માં એશિયન પેઈન્ટ ચોકડીથી રાજપીપળા ચોકડી તરફ જતા રોડ ઉપર આવેલા બનાસ બલ્ક કેરીયર ટ્રાન્સપોર્ટના પાર્કિંગમાં પડેલો છે.

જેવી બાતમીના આધારે એશિયન પેઈન્ટ ચોકડીથી રાજપીપળા ચોકડી તરફ જતા રોડ ઉપર આવેલ બનાસ બલ્ક કેરીયર ટ્રાન્સપોર્ટના પાર્કિંગમાં પહોંચી જોતા ટેન્કર મળી આવતા તેમાં ચેક કરતા ટેન્કરમાં કાળા જેવા કલરનું કેમિકલ ભરેલું હતુ.

જેથી ટેન્કરમાં ભરેલા શંકાસ્પદ કેમીકલ રાખવા તથા વહન કરવા બાબતે ડ્રાઈવર પાસે બીલ પુરાવા માંગતા તેને બીલ પુરાવા રજુ કરેલ પરંતુ બીલમાં જણાવ્યા મુજબનુ કેમીકલ ટેન્કરમાં નહીં ભરેલો હોવાનુ જણાતા જી.પી.સી.બી તથા એફ.એસ.એલ. અધિકારીનાઓને સ્થળ ઉપર બોલાવી પરીક્ષણ કરાવતા તેઓએ ટેન્કરમાંથી તથા જે કંપનીમાંથી કેમીકલ ભરેલો હતો.

તે કંપનીમાંથી સેમ્પલ લઈ જી.પી.સી.બી અધિકારી પરીક્ષણ માટે લઈ ગયેલ તથા તે જ પ્રકારના સેમ્પલ એફ.એસ.એલ. સુરત ખાતે પરીક્ષણ અર્થે મોકલી આપવા તજવીજ કરી હતી. ટેન્કરમાં ભરેલું કેમીકલ આશરે ૧૭૫૮૦ લીટર જેની રૂ. ૯,૦૯,૫૧૦ તથા ૫૪,૫૮૫ ટેક્ષ મળી કુલ રૂ. ૭,૧૫,૬૮૧ તથા ટેન્કરની રૂ ૨૦,૦૦,૦૦૦ મળી કુલ રૂ ૨૭,૧૫,૬૮૧ ના મુદ્દામાલ સાથે ચાલક શનીકુમાર ચંદ્રભાણ ગૌતમને ઝડપી પાડી સી.આર.પી.સી.ની સલગ્ન કલમ મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 08/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### પાવાગઢ જવા માટેની વર્ધી હોવાનું જણાવી બોલાવ્યા હતા

# જંબુસરની ઉચ્છદ કેનાલ પરથી ઈકો કાર લઈ નાસી છુટેલી ટોળકી પકડાઈ

## ટેક્નિકલ સર્વેલન્સના આધારે છ ઈસમોને ઝડપી પાડી કાર્યવાહી કરી

। જંબુસર ।

જંબુસર તાલુકાના ઉચ્છદ ગામ નજીક કેનાલ પરથી ઈકો ગાડી લઈને નાસી જનાર ટોળકીને મુદ્દામાલ સાથે વેડચ પોલીસે દબોચી લીધી હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જંબુસર તાલુકાના ઉચ્છદ ગામે કેનાલ રોડ પર ગત તારીખ ૨૫ - ૫ - ૨૦૨૪ ના રોજ દશરથસિંહ નરપતસિંહ ચૌહાણ રહે. પીંગલવાડા જંબુસર તાલુકા ના ઉચ્છદ ગામ નજીક કેનાલ ઉપર લઘુશંકા કરવા પોતાની ઈકો કાર ઉભી રાખી હતી. ત્યારે ઈકો ગાડી મા બેસેલા જેમાં છ ઈસમો રાહુલ ઉર્ફે ઈસુ પ્રભાત વસાવા રહે કારવણ, ડભોઈ, ચિરાગકુમાર મહેશભાઈ પટેલ રહે ભાઈલાકુઈ - પ્રાથમિક શાળા સામે કપડવંજ હાલ રહે મોભારોડ, ભુપેન્દ્રસિંહ ઉર્ફે જોખમ જગદીશ સિંહ પઢિયાર રહે. મુંજપુર-દરિયાપુરા હાલ રહે. મોભારોડ પાદરા, ક્રિષ્નાબેન મહેશભાઈ સુથાર જેઓ ભુપેન્દ્રસિંહ ઉર્ફે જોખમ જગદીશ ભાઈ પઢીયાર ની પત્ની, સુનિલ ઉર્ફે સુરજ રમેશભાઈ પટેલ રહે. વણસોલ સુંધા - મહેમદાવાદ ખેડા હાલ રહે મોભારોડ તથા રોનક ઉર્ફે રોકી હિતેશસિંહ છાસટીયા રહે.ગામેઠા - પાદરા નાઓ ઈકો ગાડી લઈ ને નાસી છુટયા હતા.

બનાવ સંદર્ભે ઈકો કાર ચાલક દશરથસિંહ ચૌહાણે વેડચ પોલીસ મથકે આપેલ ફરિયાદ મા જણાવ્યુ હતુ કે ઉપરોક્ત ઈસમો એ પૂર્વ આયોજિત કાવતરું રચી પાવાગઢ જવા માટેની વર્ધી હોય એમ જણાવી બોલાવ્યા હતા અને ઉચ્છદ ગામ પાસે નર્મદા કેનાલ રોડ ઉપર ગાડી સાઈડ પર કરી તેઓ લઘુ શંકા અર્થે ગાડી માથી ઉતરેલ હતા. ત્યારે ઉપરોક્ત છ આરોપી ઓ ઈકો ગાડી લઈને ભાગી ગયા હતા. ઉપરોક્ત બનાવ સંદર્ભે વેડચ પોલીસે ત્વરિત હરકત મા આવી હતી અને વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ ચૌધરી ના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર. એલ. ખટાણા એ અલગ અલગ ટીમો બનાવી ટેકનીકલ સર્વેલન્સના આધારે ઉપરોક્ત છ ઈસમોને ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી ફરિયાદીની ઈકો ગાડી જેની કિંમત રૂપિયા પાંચ લાખ તેમજ ગુનો આચરવામાં ઉપયોગ કરેલ અન્ય ઈકો ગાડી કિંમત રૂપિયા ચાર લાખ તેમજ બુલેટ નંગ એક જેની કિંમત રૂ ૮૦,૦૦૦ તેમજ મોબાઈલ નંગ ૭ જેની કિંમત રૂપિયા ૪૩,૦૦૦ આમ કુલ રૂપિયા ૧૦,૨૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 09/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### બાતમીને આધારે પોલીસે બાઈકચોર ઝડપ્યો

# ભરૂચમાં ચોરી થયેલી ત્રણ બાઈક સાથે એક આરોપી ઝડપાઈ ગયો

## પોલીસે બાઈક સહિત કુલ રૂા.૫૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો

| ભરૂચ |

ભરૂચમાં ચોરી થયેલી ત્રણ બાઈકો સાથે એક આરોપી ઝડપાઈ ગયો હતો. કુલ રૂા.૫૦ હજારનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાની સુચના મુજબ ઈન્ચાર્જ પીઆઈ એસ. આર.ગાવીત ભરૂચ શહેર સી. ડીવીઝન પોલીસ દ્વારા વિવિધ ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમો પૈકીની એક ટીમ પીએસઆઈ બી.એસ.શેલાણાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલીંગ કરી રહી હતી.

તેવા સમયે એવી બાતમી મળી હતી કે. તવરા રોડ પર ઝુલેલાલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાંથી ચોરી થયેલી બાઈકને લઈને એક ઈસમ નર્મદા કોલેજના ગેટની સામેલ ઉભો છે.

બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી બાતમી મુજબનો વ્યકિત આવતો જણાતા તેને ઉભો રાખી તપાસ કરવામાં આવી હતી. ઝડપાયેલા વ્યકિતએ ચોરી કરેલ બાઈક અંગેની કબુલાત કરી હતી વધુમાં સીસીટીવી કેમેરાની મદદથી અને વિવિધ ઉપકરણોની મદદથી તપાસ કરતા આ ઈસમે ત્રણ જેટલી બાઈકોની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.



ભરૂચમાં ચોરી થયેલી ત્રણ બાઈકો સાથે એક આરોપી ઝડપાયો હતો.

ઝડપાયેલા આરોપી શાહનવાઝ સમસુદીન પટેલ, રહે.ઝનોરનો હતો. તેની પાસેથી ત્રણ બાઈક કુલ કિંમત રૂા.૫૦ હજારની ઝડપાઈ હતી વધુ તપાસ સી.ડીવીઝન પોલીસ કરી રહી છે.

ઉલ્લેખનિય છે કે જિલ્લામાં થતી ઘરફોડ અને બાઈકની થતી ચોરીઓ ડામવા પોલીસ એકશનમાં આવી ગઈ છે.

**DATE: 09/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ડમી ગ્રાહક સ્પામાં મોકલીને પોલીસે છટકું ગોઠવ્યું હતું

# અંકલેશ્વરના ગણેશ સ્કવેરમાં સ્પાની આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર




જિલ્લા એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ ( એ.એચ.ટી.યુ ) પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી. કે ગણેશ સ્ક્વેર ના પહેલા માળે આવેલ પી.પી સ્પા સંચાલક સ્પાની આડમાં અલગ અલગ છોકરી બોલાવી ગ્રાહક દીઠ 50 % રક્મ પોતાના 50 % રક્મ મેળવી સ્પા સેક્સ વર્કર બોલાવી દેહ વ્યાપાર ચલાવી રહ્યો છે. જે માહિતી આધારે ડમી ગ્રાહક મોક્લી દરોડા પાડ્યા હતા. જ્યાં પોલીસે સ્પા સંચાલક સંકેત સુરેશ મૈસુરિયા (રહે વેજલપુર, ભરૂચ)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી રોકડ રૂપિયા 7,030 એક મોબાઈલ 20 હજાર રૂપિયા મળી 27 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 09/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# પાનોલીમાં 140 ભંગાર સાથે એક ઈસમની અટકાયત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી પોલીસે કાપોદ્રા ગામમાં રહેતા વારિસ ખાન નામના ઈસમ અટકાવ્યો હતો અને તેની પાસે રહેલ ટ્રોલી પરના ભંગારના જથ્થા અંગે જરૂરી બિલ કે આધાર પુરાવા માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. તો જથ્થો ક્યાં થી લાવ્યો તે ટ્રોલી માં રહેલ 140 કિલો લોખંડના સળિયાનો જથ્થો તેમજ મોડીફાઈડ બાઈક મળી કુલ 19 હજાર રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.